# ભારતીય રાષ્ટ્રવાદનાં પથદર્શક : શ્યામાપ્રસાદ મુખરજી

**ડૉ. સુમીરભાઈ દામીયાભાઈ ગામીત**
આસિસન્ટ પ્રોફેસર (એડ-હોક),
મહાત્મા ગાંધી ગ્રામીણ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**પ્રસ્તાવનાઃ**

ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી ભારતનાં બહુમુખી પ્રતિભા ધરાવતા એક રાષ્ટ્રવાદી નેતા હતા. તેઓ હંમેશા કહેતા હતા કે " એક સમાજ ત્યારે જ સુખી થઈ શકે, જ્યારે તેના તમામ સભ્યોને સમાન તક મળે " વધુમાં તેઓ કહેતા કે દરેક વ્યક્તિને તેની ક્ષમતા અને મહેનત મુજબ આગળ વધવાનો અધિકાર હોવો જોઈએ. કોઈની જાતિ, ધર્મ કે સંપતિનાં આધારે તેને અવકાશ મળવો જોઈએ નહિં. શ્યામા પ્રસાદ મુખરજી રાષ્ટ્રીય એકતાનાં અંખડ પ્રહરી અને પ્રબળ સમર્થક હતા. તેઓ કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ માનતા હતા અને તેમણે 'એક દેશમાં બે વિધાન, બે પ્રધાન, બે નિશાન નહીં ચાલે' નો નારો આપ્યો હતો. મુખરજીનું ભારતના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેઓ માનતા હતા કે મજબૂત ઉદ્યોગો દેશના વિકાસ માટે ખૂભ જ જરૂરી છે. ઔદ્યોગિક વિકાસને આર્થિક પ્રગતિના માર્ગ તરીકે માનતા હતા. શ્યામા પ્રસાદ મુખરજી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓના પ્રખર હિમાયતી હતા. તેઓ માનતા હતા કે ભારતનો વિકાસ તેની સાંસ્કૃતિક ઓળખને જાળવી રાખીને જ કરી શકાય. સાંસ્કૃતિક પુનરુત્થાન અને ભારતીય મૂલ્યોના માર્ગ તરીકે માનતા હતા.

- **પ્રારંભિક જીવન પરિચયઃ**

શ્યામા પ્રસાદ મુખર્જીનો જન્મ બંગાળી પરિવારમાં ૬ જુલાઈ ૧૯૦૧નાં રોજ થયો હતો. તેમના પિતાનું નામ આશુતોષ મુખર્જી અને માતાનું યોગમાયા હતુ.

શ્યામાપ્રસાદ મુખરર્જીનાં જીવન ઘડતરમાં પિતાનું ઉચ્ચ શૈક્ષણિક, રાજકીય વિચારો સાથે બંધરાણીય જ્ઞાન તથા માતાશ્રી યોગમાયાની ધાર્મિક સંસ્કારો અને શ્રદ્ધાએ ખૂબ જ મહત્વનો ફાળો રહ્યો છે. શ્યામાપ્રસાદ મુખરજીનાં લગ્ન ૧૯૨૨માં સુધા દેવી સાથે થયા હતા. તેઓને પાંચ બાળકો હતા તેમની પત્નીનું ૧૯33માં ન્યુમોનિયાથી મૃત્યુ થયું હતું. પરિવારમાં શ્યામા પ્રસાદનાં ત્રણ ભાઈઓ હતા જેમા રામ પ્રસાદ(૧૮૯૬), ઉમા પ્રસાદ(૧૯૦૨) અને બામા પ્રસાદ મુખર્જી (૧૯૦૬) નો સમાવેશ થાય છે. રામ પ્રસાદ કલકત્તા હાઈકોર્ટમાં ન્યાયાધીશ બન્યા હતા જ્યારે ઉમા પ્રસાદ એક લેખક અને વિદ્વાન તરીકે પ્રખ્યાત થયા હતા. તેમની ત્રણ બહેનો પણ હતી જેમાં કમલા(૧૮૯૫), અમલા(૧૯૦૫) અને રામલા(૧૯૦૮)નો સમાવેશ થાય છે. ઇ.સ. ૧૯૦૬માં ભવાનીપુરમાંથી પ્રારંભિક શિક્ષણની શરૂઆત કરી હતી. મેટ્રિકની પરીક્ષા પાસ કરીને પ્રેસિડેન્સી કોલેજમાં પ્રવેશ લીધો હતો. તેઓ ૧૯૧૬માં ઇન્ટર આર્ટસ પરીક્ષામાં ૧૭માં ક્રમાંકે ઉતીર્ણ થયા હતા. ઈ.સ. ૧૯૨૧માં અંગ્રેજીમાં પ્રથમ ક્રમાંકે સ્નાતક થયા. એમ.એ.ની પરીક્ષા માટે તેમણે ભારતીય ભાષાઓનો અભ્યાસક્રમ પસંદ કર્યો હતો. ઈ.સ. ૧૯૨૪માં એલ.એલ.બી.ની પરીક્ષામાં પણ પ્રથમ સ્થાન મેળવ્યું હતુ. ઈ.સ. ૧૯૨૭માં બૅરિસ્ટરની પરીક્ષા પાસ કરી. થોડોક સમય વકીલાત કર્યા બાદ 'ધ નૅશનાલિસ્ટ' અખબારનું પણ સંપાદન કાર્ય કર્યું હતું. કૉલકાતા વિશ્વવિદ્યાલયમાં ૧૯૨૪માં પ્રથમ સેનેટ અને સિન્ડિકેટ સભ્ય તરીકે વરણી થઈ. યુવા વયે ઈ.સ. ૧૯૩૪માં કૉલકાતા યુનિવર્સિટીનાં કુલપતિપદે નિમાયા હતા. શ્યામા પ્રસાદ મુખરજી "બૌદ્ધ મહાબોધિ સોસાયટી" સાથે પણ જોડાયેલા હતા. તેઓ ઇ.સ. ૧૯૪૨માં સંસ્થાના પ્રમુખ બન્યા હતા. ઈ.સ.૧૮૫૧માં સર એલેક્ઝાન્ડર કનિંગહામ દ્વારા સાંચીના સ્તૂપમાં શોધાયેલા અને બ્રિટિશ મ્યુઝિયમમાં રાખવામાં આવેલા ગૌતમ બુદ્ધના બે શિષ્યો સારીપુત્ર અને મૌદલ્યાયનના અવશેષો ભારત પરત લાવવામાં આવ્યા હતા. આ અવશેષોને કંબોડિયા, બર્મા, થાઇલેન્ડ અને વિયેતનામ પણ દર્શનાર્થે લઈ ગયા હતા. જ્યારે ઇ. સ. ૧૯૫૨ નવેમ્બર મહિનામાં ભારત પાછા લાવવામાં આવ્યા ત્યારે ફરી સાંચી સ્તૂપની અંદર અવશેષો મૂકવામાં આવ્યા હતા.

૧૧ મે ૧૯૫૩નાં રોજ કાશ્મીરમાં પ્રવેશતા જ મુખર્જીની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સાથે ધરપકડ કરાયેલા બે સાથીઓને પહેલા શ્રીનગરની સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા હતા બાદમાં તેમને શહેરની બહાર એક ઝૂંપડીમાં સ્થળાંતરિત કરવામાં

આવ્યા હતા. મુખર્જીની હાલત બગડવા લાગી અને ૧૯ થી ૨૦ જૂનની રાત્રે તેમને પીઠમાં દુખાવો થતા ઉંચા તાપમાને તાવનો અનુભવ થવા લાગ્યો. ૨૨ જૂનના રોજ તેમને હૃદયમાં દુખાવો થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં કામચલાઉ હૃદયરોગનો હુમલો થયો હોવાનું માલુમ પડતા તેમનુ નિદાન પણ થયુ હતુ પરંતુ કમનસીબે એક દિવસ પછી તેઓનું કસ્ટડીમાં શંકાસ્પદ અવસાન થયુ હતુ. ૩ જુલાઈ ૧૯૫૩નાં રોજ તેમના મૃત્યુના થોડા દિવસો પછી કલકત્તાના મુખ્ય માર્ગોનું નામ શ્યામાપ્રસાદ મુખર્જી રોડ રાખવામાં આવ્યું. ઈ. સ.૧૯૪૫માં કોલકાતા તેમના દ્વારા સ્થાપિત શ્યામાપ્રસાદ કોલેજનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યુ છે. ઇ.સ. ૧૯૬૯માં દિલ્હી યુનિવર્સિટી સંલગ્ન શ્યામા પ્રસાદ મુખર્જી કોલેજની સ્થાપના તેમની યાદમાં કરવામાં આવી હતી. ઈ.સ. ૨૦૦૧માં ભારત સરકારની મુખ્ય સંશોધન ભંડોળ સંસ્થા CSIR એ તેમના નામ પર એક નવી ફેલોશિપની જાહેરાત કરી છે.

- **આઝાદી પછી મહત્વપૂર્ણ અને અગ્રેસરની ભૂમિકા**

શ્યામાપ્રસાદ મુખરજીએ જમ્મુ-કાશ્મીરની સમસ્યાને સમજ્યા હતા અને તેના સંપૂર્ણ નિરાકરણની માંગણી સાથે બળપૂર્વક અવાજ ઉઠાવ્યો હતો. બંગાળના ભાગલા વખતે ભારતના હક્કો અને હિતો માટે સફળતાપૂર્વક લડનારા તેઓ એકલા જ હતા. કોંગ્રેસ દ્વારા ભારતીયો પર આયાતી વિચારધારાઓ અને સિદ્ધાંતો લાદવાના વિરોધમાં આઝાદી પછીના યુગમાં શ્યામાપ્રસાદ મુખરજીએ મહત્વપૂર્ણ અને અગ્રેસરની ભૂમિકા ભજવી હતી. દરેક ભારતીય માટે સૌથી યોગ્ય અને ટકાઉ જીવનશૈલી તરીકે 'ભારત, ભારતીય અને ભારતીયતા' ની રાજકીય અને સામાજિક વિચારધારાને સ્થાપિત કરવી અને તેને પ્રોત્સાહન આપવું એ તેમનો મુખ્ય ધ્યેય હતો.

- **રાજકીય જીવનઃ**

શ્યામા પ્રસાદ મુખરજી કૉંગ્રેસનાં ધારાસભ્ય તરીકે ચૂંટાઈને સરકારમાં રહીને હિંદુ હિત નહિ સચવાય તેમ જોતાં પ્રાંતિક સરકારના નાણાપ્રધાનના પદેથી રાજીનામું આપ્યું હતુ. આ દિવસો દરમિયાન તેઓ હિંદુ મહાસભાના પ્રમુખ વીર સાવરકરના સંપર્કમાં આવ્યા અને હિંદુ મહાસભામાં જોડાયા હતા. આ સંસ્થામાં સક્રિય બન્યા પછી તેઓ લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, સરદાર પટેલ, રાજગોપાલાચારી, સુભાષચંદ્ર બોઝ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવાર જેવા ઉચ્ચ કક્ષાના નેતાઓના સંપર્કમાં આવ્યા હતા. થોડા સમય પછી હિંદુ મહાસભાના પ્રમુખ બન્યા હતા ત્યારબાદ તેઓ દેશની વિવિધ

સમસ્યા લઈને દેશના વિવિધ પ્રદેશોની મુલાકાત લઈ લોકસંપર્કની કામગીરી હાથ ધરી હતી. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મુસ્લિમ લીગ દ્વારા કરવામાં આવેલી અલગ પાકિસ્તાનની માગણી વધુ પ્રબળ બનતા તેઓ ચિંતિત હતા. હિંદુ-મુસ્લિમ કોમવાદની સમસ્યાનો ઉકેલ પાકિસ્તાનની રચનામાં થશે નહીં તેવુ સ્પષ્ટ માનતા હતા. આમ છતાં દેશના ભાગલા તેમને નિશ્ચિત જણાયા ત્યારે પોતાની માતૃભૂમિનો વધુમાં વધુ બચાવ અને હિંદુ-હિતની સુરક્ષા માટે તેમણે હિંદુઓને સંગઠિત કરવા અગત્યની ભૂમિકા ભજવી હતી.

- **નેહરુ કેબીનેટમાંથી રાજીનામું આપ્યું**

શ્યામાપ્રસાદ મુખરજીએ આઝાદી પછી નહેરુ સરકારમાં ભારતનાં પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા પ્રધાન બન્યા હતા. કોંગ્રેસની સરકારે નહેરુ-લિયાકત સંધિમાં હિન્દુઓના હિતોની સંપૂર્ણ અવગણના કરવા બદલ તેમણે રાજીનામું આપી દીધુ હતુ. તેમનું રાજીનામું એ તેમની વૈચારિક ક્રાંતિકારી પગલુ તરીકે ઈતિહાસનાં પાને વર્ણન થયુ છે. શ્યામાપ્રસાદ મુખરજીએ તેમની વૈચારિક પ્રતિબદ્ધતાઓ અંગે ક્યારેય સમાધાન કર્યું નહીં. નહેરુ કેબિનેટમાંથી રાજીનામું આપવું એ દેશમાં નવો રાજકીય વિકલ્પ તરીકે જનસંઘનાં નામે નવા સંગઠનનો ઉદ્દભવ થયો.

- **જનસંઘની રચના**

અંગ્રેજોની ગુલામીમાંથી સ્વતંત્રતા મેળવવા માટે દેશનાં રાજકીય નેતાઓ અને જુદી જુદી વિચારધારામાં માનનારા લોકો ભારતની આઝાદીની લડત માટે કોંગ્રેસની છત્રછાયા હેઠળ આવ્યા હતા. આઝાદી પછી કોંગ્રેસનો એક વિકલ્પ શોધવાની ચર્ચા શરૂ થઈ જે રાજકીય વિકલ્પ તરીકે આતુરતાથી જોવામાં આવતુ હતુ. એવુ માનવામાં આવતુ હતુ કે ભારત એક નવી રાજકીય વિચારધારા ધરાવતા નવા પક્ષની શોધમાં હતા જેનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ દ્વારા રાષ્ટ્રીય એકીકરણ કરે અને તુષ્ટિકરણના રાજકારણનો સામનો કરી શકે. શ્યામાપ્રસાદ મુખરજી એક એવા મહાપુરૂષ હતા જે દેશમાં આ ચર્ચાના ધ્વજવાહક તરીકે ઉભરી આવ્યા. આખરે ૨૧ મી ઓક્ટોબર ૧૯૫૧નાં રોજ જનસંઘની સ્થાપના કરવામાં આવી હતી.

- **કલકત્તા બેઠક જીતી લોકસભામાં વિપક્ષના નેતા બન્યાં**

શ્યામાપ્રસાદ મુખરજીએ જનસંઘની ચૂંટણીમાં ૧૯૫૧/૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ત્રણ બેઠકો જીતવામાં સફળ રહ્યો હતો. મુખરજી સંસદ સુધી પહોંચવા માટે કલકત્તા બેઠક જીતી હતી. તેમની વિચારધારાની સ્પષ્ટતા, વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને તેમની દીર્ઘદ્રષ્ટિથી આશ્વસ્ત થઇને વિરોધી પક્ષોએ તેમને લોકસભામાં વિપક્ષ નેતા તરીકે

નિમણૂંક કરી હતી. વિપક્ષી નેતા તરીકે મુખરજીએ લોકસભામાં બળપૂર્વક લોકોની સમસ્યાઓ ઉઠાવી અને વિપક્ષના સૌથી શક્તિશાળી નેતા તરીકે ઉભરી આવ્યા હતા.

- **જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ પરમિટ સિસ્ટમનો વિરોધ કર્યો**

શ્યામાપ્રસાદ મુખરજી હંમેશા જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ અને પરમિટ સિસ્ટમને ભારતની અખંડિતતા અને સાર્વભૌમત્વમાં મોટો અવરોધ માનતા હતા. આવા મુદ્દાઓને લઈ સમયે સમયે તેમણે અનેક પ્રસંગો પર સંસદમાં પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. ૨૬ જૂન ૧૯૫૨ના રોજ શ્યામાપ્રસાદ મુખરજીએ જમ્મુ કાશ્મીર પરની ચર્ચામાં ભાગ લેતા કહ્યું હતું કે લોકશાહી અને સંઘીય ભારતનાં રાજ્યમાં નાગરિકોના અધિકારો અને સગવડ કેવી રીતે અન્ય કોઈ રાજ્ય કરતા અલગ હોઈ શકે છે ? તે ભારતની અખંડિતતા અને એકતા માટે નુકસાનકારક છે. તેમણે જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ માટેની પરમિટ સિસ્ટમનો સખ્ત વિરોધ કર્યો હતો.

- **એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે**

શ્યામાપ્રસાદ મુખરજી કહેતા હતા કે ‘એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે’. આ સૂત્ર પ્રથમ જનસંઘ અને પછીથી ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ અને માર્ગદર્શક સિદ્ધાંત બની ગયું છે. ઘણા દાયકાઓથી મુખરજીનું આ સપનું – ‘એક દેશમાં બે વિધાન, બે પ્રધાન અને બે નિશાન નહીં ચાલે’ એક વૈચારિક યુદ્ધ હતું.

- **જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબુદી**

ઈ.સ. ૧૯૧૪ પછી ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવી હતી. નરેન્દ્ર મોદીની બીજી ટર્મ વખતે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મજબુત ઇચ્છા શક્તિ અને સમર્પણ સાથે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહની કુશળ વ્યૂહરચના અને આયોજનથી ઓગસ્ટ ૨૦૧૯માં ભારત સરકારે કલમ ૩૭૦ કાયમ માટે રદ કરવામાં સફળતા મેળવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારે ‘એક વિધાન, એક પ્રધાન અને એક નિશાન’નું શ્યામાપ્રસાદ મુખરજીનું સ્વપ્ન પૂર્ણ કર્યું હતુ. શ્યામાપ્રસાદ મુખરજીનું સર્વોચ્ચ બલિદાન નિરર્થક નહીં ગણી શકાય કારણ કે કલમ ૩૭૦ને દૂર કરી ભારત સાથે જમ્મુ-કાશ્મીરને સાથે જોડીને એક મજબૂત અને એક રાષ્ટ્ર તરીકે જોવાના તેમના સપનાને સાકાર કરવામાં સફળ મળી હતી. શ્યામાપ્રસાદ મુખરજીને હંમેશાં ‘ભારતમાતા’ના સાચા પુત્ર તરીકે યાદ કરવામાં આવશે, જેમણે એક રાજકીય મિશન બનાવ્યું હતુ જે તેની વિચારધારા માટે ખરેખર પ્રતિબદ્ધ હતા. સંયુક્ત અને મજબૂત ભારત જોવા માટે અથાક પરિશ્રમ કર્યો અને તેમના ઉમદા હેતુ માટે શહાદત વહોરી

હતી. શ્યામા પ્રસાદ મુખરજી માત્ર રાજકારણી જ નહતા પરંતુ એક મહાન સામાજિક સુધારક પણ હતા. તેમનું જીવન અને વિચારો ભારતીય સમાજના શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રોમાં પણ સુધારાઓ લાવવાના પ્રયાસોથી ભરપૂર હતા.

- **શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન**

વર્તમાન સમયમાં ભારત સરકાર દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન ચલાવવામાં આવે છે. આ મિશન દ્વારા ગ્રામીણ વિસ્તારોનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે આપેલ સામાજિક સમરૂપતાનો ખ્યાલ સમાજના સભ્યો વચ્ચેની સમાનતા અને એકતા પર આધારિત છે. તેઓ એવુ માનતા હતા કે સમાજના દરેક સભ્યને સમાન અધિકારો, તકો મળવા જોઈએ અને જવાબદારીઓ હોવી જોઈએ. શ્યામા પ્રસાદ મુખરજી સામાજિક સમરૂપતાનો અર્થ સમજાવતા કહે છે કે દરેક વ્યક્તિને જાતિ, ધર્મ, લિંગ, અથવા સામાજિક-આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના સમાન અધિકારો અને તકો મળવી જોઈએ, દરેકને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવુ જોઈએ. સામાજિક સમરૂપતા સમાજના સભ્યો વચ્ચે એકતા અને સહકારની ભાવના હોવી જોઈએ. સામાજિક સમરૂપતામાં સમાજના તમામ સભ્યોને સમાવેશ કરવા પર ભાર મૂકે છે,

શ્યામાપ્રસાદ મુખર્જી ગ્રામીણ વિકાસને રાષ્ટ્રીય વિકાસનો પાયો માનતા હતા. તેઓ માનતા હતા કે ગ્રામીણ વિસ્તારોનો વિકાસ થયા વિના દેશનો સર્વાંગી વિકાસ શક્ય નથી. તેમના ગ્રામીણ વિકાસ અંગેના વિચારો જોઈએ તો તેઓ ગ્રામીણ વિસ્તારોને આત્મનિર્ભર બનાવવા ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવા પર ભાર મુકતા હતા. ગ્રામીણ સમાજમાં સામાજિક ન્યાય, ગરીબી, અસ્પૃશ્યતા, અસમાનતાઓ સહિત અનેક સામાજિક સમસ્યાઓને દૂર કરવાનાં હિમાયતી હતા. શ્યામા પ્રસાદ મુખરજી ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, વીજળી, પાણી સહિત ગામની આંતરમાળખાકીય સુવિધા, રોજગારીની તકોની ઉપલ્ધ કરવવાથી ગામનો સર્વાંગી વિકાસ થઈ શકશે તેવુ માનતા હતા.

- **શ્યામા પ્રસાદ મુખરજીનું રહસ્યમય સંજોગોમાં અવસાન**

જમ્મુમાં પ્રવેશ કરતી વખતે ડો.શ્યામાપ્રસાદ મુખરજીની ધરપકડ કરવામાં આવી હતી. જેના કારણે ભારતભરમાં ભારે વિરોધ પ્રદર્શન થયા અને ઘણા લોકોની ધરપકડ થઈ હતી. તેમની ધરપકડના ૪૦ દિવસ બાદ ૨૩ જૂન ૧૯૫૩ના રોજ જમ્મુની સરકારી

હોસ્પિટલમાં ભારતમાતાના મહાન પુત્ર ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીનું રહસ્યમય સંજોગોમાં અવસાન થયું. તેમની શહીદીએ ઘણા અનુત્તરિત પ્રશ્નોને જન્મ આપ્યો. આ મહાન નેતાઓનાં મૃત્યુથી દેશભરમાં વ્યાપક શંકાઓ ઉભી થઈ અને સ્વતંત્ર તપાસની માંગણીઓ ઉઠી હતી.

૧૮મી ઓગસ્ટ ૨૦૨૩નાં રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં પોતાનાં ભાષણ દરમ્યાન જણાવ્યુ હતુ કે શ્યામા મુખરજી જો ન હોત તો બંગાળ ભારતનો ભાગ ના હોત. આજે બંગાળ ભારતમાં છે તે શ્યામાપ્રસાદ મુખરજીનાં જ કારણે છે. ૨૩મી જૂનમાં પુણ્યતિથિના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનાં કાર્યો અને શ્રંધ્ધાજિલ આપતા સ્મરણ કરતા  જણાવ્યુ હતુ કે તેમની વિચારધારા અને તેમના સંઘર્ષોએ ભારતીય રાજનીતિ પર અમીટ છાપ છોડી છે. તેમના વિચારો આજે પણ એટલા જ પ્રત્યુતર છે. ભારતીય સામાજિક અને માનસિક પટલ પર શ્યામાપ્રસાદ મુખર્જીના વિચારો આજે પણ એટલા જ પ્રેરણાદાયી છે.

**સંદર્ભ સૂચિઃ**


1. https://books.google.co.in/books?id=1Kk-DwAAQBAJ&lpg=PA1&pg=PT16#v=onepage&q&f=true
2. https://www.bbc.com/gujarati/articles/c720240lv52o
3. https://en.wikipedia.org/wiki/Syama_Prasad_Mukherjee
4. https://gujarativishwakosh.org